GJMR010005402026

| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૦૬-૦૩-૨૦૨૬ |
| રજીસ્ટરે લીધા તારીખ | : | ૦૬-૦૩-૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૦૯-૦૩-૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| આંક | : | |

सत्यमेव जयते

## <u>મોરબી જીલ્લાના બીજા અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.</u>

**ફો.પ.અ.નં. ૨૭૪/૨૦૨૬**
**આંક**

**લીલાબેન વા/ઓ ગોવિંદભાઈ સોરાણી**
ઉ.વ.:- આ.૪૦, ધંધો:- ઘરકામ,
રહે. ઠીકરીયાળી, તા. વાંકાનેર જી. મોરબી
હાલ રહે. જીલ્લા જેલ, મોરબી

**અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી.

**સામાવાળા**

-----------------------------------

**બાબત :- વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૯/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે પ્રથમ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

-----------------------------------

**વકીલશ્રીઓ :- અરજદાર તરફે વિ.વ.શ્રી જે.પી.રાઠોડ**
**સામાવાળા તરફે વિ.એડી.પી. પી.શ્રી એસ.સી.દવે**

-----------------------------------

**<u>-: ઠરાવ :-</u>**

૧. અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદાર/આરોપીની જામીન અરજી રજુ થતા આ કામે સામાવાળા/સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એડી.પી.પી.શ્રી એસ.સી.દવે પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. તેમજ તપાસનીશ અમલદારે અરજદાર/આરોપીની વિરુધ્ધનું આંક-૦૫ થી સોગંદનામું રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી જે.પી.રાઠોડ નાઓ ધ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૯/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં વિ.વ.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપી તદન નિર્દોષ છે અને કહેવાતા બનાવમાં અરજદાર ઉપર દ્વેશભાવ રાખીને ખોટી રીતે સંડોવી દેવાનો પ્રયાસ કરવામાં આવેલ છે. વધુમાં વિ.વ.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર પોતે અને તેઓનો દીકરો હરેશ એટલેકે અન્ય સહઆરોપી બે જ વ્યકિતઓ છે. અરજદાર/આરોપી ઘણા વર્ષોથી વિધવા હોય અને અન્ય સહઆરોપી એટલેકે હાલના અરજદાર/આરોપીનો દીકરો પણ જેલહવાલે હોય કુટુંબમાં બીજા કોઇ જવાબદાર વ્યકિત ન હોય કુટુંબની બધી જવાબદારી અરજદાર/આરોપીના શીરે હોય જામીન મુકત કરવા જોઇએ. વધુમાં વિ.વ.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, હાલના કામે ગુજરનારને ૧૧ માસનું બાળક નામે નાગરાજ છે અરજદાર/આરોપી તેના

દાદી થતા હોય તમામ જવાબદારી અરજદાર/આરોપીના શીરે છે તથા આ બાળક કોઈ અજાણી વ્યકિત પાસે રહેતુ ન હોય અને પરીવારમાં પણ કોઈ સાચવવા વાળું ન હોય અરજદાર/આરોપીનો દીકરો પણ જેલમાં હોય તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને તેના પૌત્રની સારસંભાળ રાખવા માટે જામીન મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં વિ.વ.શ્રી એ નામ. સુપ્રીમ કોર્ટના ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં. ૯૩ સંજય ચંદ્રા વિ. સી.બી.આઈ. ના પેરા ૨૫, ૨૬, ૨૭ તથા નામ. સુપ્રીમ કોર્ટના ૧૯૭૮(૨) એસ.સી.સી. પેઈજ નં. ૩૬૬, મોહનસીંગ વિ. યુનીયન ટેરીગરી એ.આઈ.આર. ૧૯૮૭ એસ. પેઈજ નં. ૧૦૯૫ તથા ભગીરથસિંહ વિ. સ્ટેટ ઓફ ગુજરાત એ.આઈ.આર. ૧૯૮૪ એસ.સી. પાના નં. ૩૭૨ જે તમામ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો મુજબ અરજદાર/આરોપીને જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી નાઓએ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવે તો અરજદાર/આરોપી કયાંય નાશી ભાગી જશે નહી અને આ કામની ટ્રાયલ ચાલતા નીયમીત રીતે નામ. કોર્ટમાં મુદત હરોળમાં હાજર રહેવાની ખાતરી આપેલ છે. અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવા નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવાની પણ ખાતરી આપી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

૪. અરજી સામે વાંધો ઉઠાવી વિ.એડી.પી.પી.શ્રી એસ.સી.દવે દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૯/૨૦૨૬, બી.એન.એસ. કલમ–૧૦૮, ૮૫, ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં વિ.એડી.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીએ ફરીયાદીની મરણજનાર દીકરીને છેલ્લા બે વર્ષથી

અવારનવાર ઘરમાં નાની નાની બાબતોમાં હેરાન પરેશાન કરતા હોય તેમજ ઝઘડો કરતા હોય તથા નાની નાની બાબતોમાં મેણા ટોણા મારતા હોય તેમજ મારકુટ કરતા હોય અને મરણજનારને તેના માતા પિતા સાથે પણ ફોનમાં વાતચીત કરવા દેતા ન હોય અને મરણજનારના પુત્રને અરજદાર/આરોપી રાજકોટથી જબરજસ્તી લઇ ગયેલ અને આ મરણજનાર પોતાના ત્રણ માસના પુત્રને પરત લેવા ઠીકરીયાળી ગામે જતા મરણજનાર સાથે બોલાચાલી કરી મારજુડ કરેલ અને બાદમાં મરણજનારે પોતાના પુત્રને મેળવવા રાજકોટ મહિલા પો.સ્ટે. અરજી કરેલ. જેથી મરણજનારે અરજદાર/આરોપીના માનસીક અને શારીરીક ત્રાસ તથા દુખત્રાસના કારણે મરણજનારે જાતેથી પોતાના ઘરે ગળાફાંસો ખાઇ લેતા મરણ ગયેલ છે. વધુમાં વિ.એડી.પી.પી.શ્રી દ્વારા એવી દલીલ કરવામાં આવેલ છે કે, સદર ગુનામાં અરજદાર/આરોપી પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક-ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે-કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી-ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

**૫.** ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી વિરુધ્ધ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૧૯/૨૦૨૬, બી.એન.એસ. કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અદાલતે જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી વિરુધ્ધનો ગુનો, ગુનાની ગંભીરતા, સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની સંભાવના, ટ્રાયલ દરમ્યાન આરોપીની હાજરીની સુનિશ્ચિતતા અને આરોપી વિરુધ્ધના ગુનાનો ટ્રાયલ ચલાવવામાં પસાર થતા સમયના પાસા ધ્યાને લેવાના

હોય છે. આ કામેના અરજદાર/આરોપીનું નામ એફ.આઈ.આર.માં નોંધવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપી આક્ષેપિત ગુનામાં સીધી રીતે સંડોવાયેલા છે. સંબંધીત ગુનાની હકીકતો તથા અરજદાર/આરોપીની ભૂમિકા ધ્યાનમાં લેતાં જાણવા મળે છે કે હાલના અરજદાર/આરોપીએ મરણ પામનાર ફરીયાદીની દીકરીને છેલ્લા આશરે બે વર્ષથી ઘરમાં નાની-નાની બાબતોને લઈ વારંવાર મેણાટોણા કરી માનસિક રીતે હેરાન-પરેશાન કરતા રહેતા હતા. અરજદાર/આરોપી દ્વારા કરવામાં આવતા આવા સતત અને અસહ્ય માનસિક ત્રાસથી કંટાળી જઈ મરણ પામનારએ પોતાના ઘરે જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું પ્રાથમિક રીતે જાણવા મળે છે. આમ, અરજદાર વિરુધ્ધ પ્રથમ દર્શનીય કેસ છે. હાલના અરજદાર/આરોપી વિરૂધ્ધ આક્ષેપાયેલા ગુનાઓની કલમોનો અભ્યાસ કરતા જેમાં બી.એન.એસ. કલમ-૧૦૮ વંચાણે લેતા સદર ગુન્હામાં દશ વર્ષ સુધીની સજાની જોગવાઈ હોય જે સંજોગોમાં ગુન્હાની ગંભીરતા પણ અત્રેની અદાલતે ધ્યાને લીધેલ છે. તપાસ કરનાર અમલદારનું સોગંદનામું આંક-૫ થી રજુ છે. જે વંચાણે લેતા જેમાં પણ અરજદાર/આરોપી નાઓએ ગુન્હો કરવામાં પોતાનો મહત્વનો રોલ ભજવેલ હોય. તેવા સંજોગોમાં હાલના અરજદાર/આરોપીની ગુનામાં ભજવેલ સક્રીય રોલ બાબતે તપાસ કરવા બાબતે જો તપાસ કરનાર અધિકારીને તક આપવામાં ન આવે તો તપાસના કામે વિપરીત અસર થાય તેવુ માની શકાય તેમ છે. વધુમાં સમગ્ર બનાવની તપાસ હાલમાં ચાલુ છે. વળી હાલના અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં આવે તો ન્યાયીક કાર્યવાહીમાં પણ હાજર રહેવાની શકયતા જણાઈ આવતી નથી. વધુમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન આપવામાં આવે તો અરજદાર/આરોપી આ કામના ફરીયાદી તથા સાહેદો ને ધાક-ધમકી આપી, ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી શકયતા રહેલી છે. તે

જોતાં આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ બી.એન.એસ. કલમ-૧૦૮, ૮૫, ૫૪ મુજબના ગંભીર પ્રકારના ગુનાના આક્ષેપો હોઈ આવા ગંભીર ગુનાના કામે કાયદાના પ્રસ્થાપીત સિદ્ધાંતો મુજબ અરજદાર/આરોપીની તરફેણમાં વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનું ન્યાયીક અને વ્યાજબી જણાતું નથી. તેમજ આ કામે ગુન્હાની ગંભીરતા, રજુ થયેલ પોલીસ પેપર્સ તથા આ કામે રજુ થયેલ તપાસનીશ અધિકારીનુ સોગંદનામું ધ્યાને લેતાં તથા અરજદાર/આરોપી સામે ગુન્હાની ગંભીરતા તથા ગુન્હાના આક્ષેપો જોતા, અરજદાર/આરોપીની તરફેણમાં જામીન ઉપર મુકત કરવા અંગેની વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવાનુ ન્યાયના હિતમાં યોગ્ય અને વ્યાજબી જણાતું ન હોય તેવા સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના અરજદાર/આરોપી **લીલાબેન વા/ઓ ગોવિંદભાઇ સોરાણી** નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવાની હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૨૭૪/૨૦૨૬ આથી **રદ યાને નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ : ૦૯, માહે : માર્ચ, સને - ૨૦૨૬ ના રોજ ખુલ્રી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :- મોરબી
તા. ૦૯/૦૩/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડ્યા)**
ઈ.ચા. બીજા અધિક સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

AHP